# GCSE અને A લેવલની ગુજરાતી પરીક્ષાઓ બચાવવાની ઝૂંબેશને સફળતા

GCSE અને A લેવલની ગુજરાતી પરીક્ષાઓ બચાવવાની ઝૂંબેશને સફળતા મળી છે અને હવે ગુજરાતી ભાષાની પરીક્ષાઓ વધુ એક વર્ષ સુધી લંબાવાઇ છે. હવે OCR દ્વારા વર્ષ ૨૦૨૦ સુધી GCSE અને એ-લેવલની ગુજરાતી ભાષાની પરીક્ષાઓ લેવાશે અને ૨૦૨૦ પછી આ પરીક્ષાઓ પીયરસન એક્ઝામીનેશન બોર્ડ દ્વારા લેવામાં આવશે. આપણા સમુદાયની તેમજ આપણને સહકાર આપનાર વિવિધ રાજકીય પક્ષોના એમપી, લોર્ડ્ઝ અને સામાજીક અગ્રણીઓની મહેનત સફળ થઇ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે 'ગુજરાત સમાચાર અને એશિયન વોઇસ' દ્વારા ગુજરાતી ભાષાની જાળવણી માટે શિક્ષકોના પરિસંવાદ અને બેઠકનું આયોજન ગત વર્ષે સંગત સેન્ટર, હેરો ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતી ભાષાની જાળવણી માટે સામાજીક સંસ્થાઓના સહકારથી વિવિધ કાર્યક્રમો ઘડી કાઢવા ચર્ચા વિચારણા થઇ હતી. જેમાં હેરો વેસ્ટના એમપી બોબ બ્લેકમેન, લંડન એસેમ્બલીના સદસ્ય શ્રી નવિનભાઇ શાહ, તંત્રી શ્રી સીબી પટેલ અને વિવિધ ગુજરાતી શાળાઓ અને સંસ્થાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતી ભાષાની પરીક્ષાઓ બચાવવા માટે ઝૂંબેશ આદરનાર હેરો વેસ્ટના એમપી ગેરેથ થોમસે જણાવ્યું હતું કે 'ગુજરાતી સમુદાય માટે આ સફળતા ખરેખર ખૂબ જ ઝળહળતી છે. પરંતુ ગુજરાતી ભાષાની જાળવણી માટે તે જરાય પૂરતી નથી. ૨૦૧૦થી GCSEમાં ગુજરાતી ભાષાની પરીક્ષાઓ આપતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૨૦%નો ઘટાડો થયો છે અને જે રીતે સ્થાનિક કાઉન્સિલ્સ દ્વારા બજેટમાં કાપ મૂકવામાં આવ્યો છે તેનાથી વિકેન્ડ દરમિયાન ચાલતી ગુજરાતી શાળાઓને પણ માર પડ્યો છે. આમ થવાથી શાળાઓએ વધુ ભાડુ ચૂકવવું પડશે અને ફી વધારવામાં આવતા વિદ્યાર્થીઓની સંખ્યા ઘટશે.' ગેરેથ થોમસ દ્વારા એજ્યુકેશન સેક્રેટરી નિકી મોર્ગનને અપીલ કરતી પીટીશન તૈયાર કરાઇ હતી જેને ૮,૦૦૦ લોકોએ સહી કરીને અનુમોદન આપ્યું હતું.

લેસ્ટરની સ્પીનીહિલ ગુજરાતી શાળાના પેરેન્ટ્સ એસોસિએશનના વડા શ્રીમતી દક્ષાબેન પરમારે આ સફળતા માટે લેસ્ટર ઇસ્ટના એમપી શ્રી કિથ વાઝ અને એજ્યુકેશન મિનિસ્ટર નિકી મોર્ગન તેમજ સહકાર આપનાર સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે 'ગુજરાતી ભાષાની એ-લેવલ અને GCSEની પરીક્ષાઓ ૨૦૧૯ સુધી લેવાશે અને તે પરીક્ષાઓમાં ફરીથી બેસવા માટે ૨૦૨૦ સુધી છૂટ આપવામાં આવી છે. તે પછી પીયરસન બોર્ડ દ્વારા આ પરીક્ષાઓ લેવામાં આવશે. આ નિર્ણયથી અમને સૌને ખૂબ જ આનંદ થયો છે અને લડત માટે સહકાર આપનાર સૌનો અમે આભાર માનીએ છીએ.'

કોન્સોર્ટીયમ ઓફ ગુજરાતી સ્કૂલ્સના ચેરમેન શ્રી જયંતભાઇ તન્ના, વિજયાબે ભંડેરી અને તેમની ટીમે ગુજરાતી વિષયની પરીક્ષાઓ માટે મદદ કરનાર હેરો ઇસ્ટના એમપી ગેરેથ થોમસ અને હેરો વેસ્ટના એમપી બોબ બ્લેકમેનનો આભાર વ્યક્ત કર્યો હતો. શ્રી જયંતભાઇએ જણાવ્યું હતું કે 'ભલે આત્યારે આ સફળતા સાંપડી હોય પરંતુ તેને જાળવી રાખવા માટે વાલીઓ, બાળકો, સામાજીક સંસ્થાઓ, શિક્ષકો એ સતત મહેનત કરવી પડશે.

## યાદો, સંસ્મરણ અને તરોતાજા થાવ

**પ્રિય વાચો મિત્રો,**

'ગુજરાત સમાચાર અને એશિયન વોઇસ' દ્વારા સર્વે લવાજમી ગ્રાહક મિત્રોને તેઓ આ દેશમાં આવ્યા તે સમયના તેમના પરિવારની સાથેના ફોટોગ્રાફ અને આજની તારીખે તેમના પરિવારના સદસ્યો સાથેના ફોટોગ્રાફ તેમના આગમન વખતની અને અત્યારની પરિસ્થિતી અંગેની જરૂરી માહિતી સાથે મોકલવા નિમંત્રણ પાઠવવામાં આવે છે.

આપના આ સાપ્તાહિકો દ્વારા મોટી સંખ્યામાં અહિં સ્થાયી થયેલા પરિવારોના ઇતિહાસની માહિતી એકત્રીત કરવામાં આવી રહી છે અને સૌ લવાજમી ગ્રાહકોને તેમની માહિતી ઇંગ્લીશમાં ૬૦૦ શબ્દોની મર્યાદામાં ફોટો સાથે મોકલવાની રહેશે. 'એશિયન વોઇસ અને ગુજરાત સમાચાર'ના સર્વ લવાજમી ગ્રાહકો માટે કોઇ જ ચાર્જ લેવામાં આવશે નહિં.

અમે આશા રાખીએ છીએ કે અમારી આ પહેલને સર્વે વાચક મિત્રો આનંદથી આવકાર આપી આ તકને ઝડપી લેશે. જેના ફળસ્વરૂપે આપણી યુવા પેઢીને તેમના વડિલો અને પરિવારે આ દેશમાં સ્થાયી થવા માટે કેવી તકલીફો સહન કરી હતી તેની માહિતી મળી રહેશે.

આપના દ્વારા મોકલવામાં આવેલી તમામ માહિતી 'એશિયન વોઇસ'માં રજૂ થશે.

**સીબી પટેલ**
**તંત્રી - પ્રકાશક.**

# હિન્દુ ધર્મ
# શુક

તા. ૯-૪-૧૬નો 'જ
૪૪૨ 'જાગ્યા ત્યાંથી સવા
સતયુગના સાચા શ્રવણન
કરું છું. શ્રવણનું ભજન
સાંભળ્યું હશે. તેમાં શ્ર
પત્ની શ્રવણને કહે છે કે
મા-બાપને ચૂલામાં નાંખ
મારા પિયરે વળાવ.' શ્ર
પત્ની જે કહે છે તે ૧૦
સાચી વાત છે. શ્રવણે લગ્ન
આપવા માટે નહોતા ક
આંધળા અને લૂલા-લંગ
સેવા કરાવવા માટે કર્યા હ
શ્રવણની વાહ વાહ ન થા

શ્રવણ એના માતા-
બેસાડી યાત્રા કરાવે છે તેનુ
પિતાને શું મળ્યું? દશરથ
હત્યા કરી, શ્રવણના મા-
અને ભૂખ્યા પેટે પાણી વગ
પડ્યું. હું પોતે એવું માનું છું
કરીને દુઃખી થવું એ
ભગવાનના મંદિરમાં ચોર
ચાંદીના દાગીનાની કે રોક
ભગવાન પોતે સુરક્ષિત નથ
તમારું શું રક્ષણ કરવાના

ન્યુ ઝીલેન્ડથી બ્રાય
માણસે અંગ્રેજીમાં ઈ-મેઈ
તેના પરથી એવું લાગે છે
શીખવા જેવું કાંઈ નથ
અંધશ્રદ્ધા, અંધવિશ્વાસ, શુ
અપશુકન, લાભ-ગેરલાભ,
મંગળ-અમંગળ આનાથી
હિન્દુ ધર્મના લોકો ભજન-
યજ્ઞ વગેરેમાં માને છે. જે
નથી. આમાં ખાલી બ્રાહ

ॐ ॐ

## In Loving Memory





**Jai Shree Krishna**

"God saw you getting tired w
not to be. HE wrapped his
you, and whispered, "COM
didn't deserve what you wen
gave you needed
GOD'S GARDEN must
HE only takes THE

વતન પલાણા, ટબોરા - ટાન્ઝાનિયામાં જન્મેલા અમારાં વાત્સલ્યસ
બાદ તા. ૧૯-૪-૨૦૧૬ના રોજ દેવલોક પામ્યાં છે. ખૂબજ ધર્મપા
આધારસ્તંભ એવા માતુશ્રીની ચિરવિદાયથી અમારા કુટુંબમાં કદીયે ન
**સત્સંગ મંડળ"**ના આધારસ્તંભ સમા માતુશ્રી તેમનાં સદકર્મોની મીઠ
આ દુઃખદ સમયે રૂબરૂ પધારી તથા ટેલિફોન કે ઇમેઇલથી અમને
અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.
પરમકૃપાળુ પરમાત્મા પૂ. માતુશ્રીના આત્માને શાશ્વત શાંતિ આપે

It is with great sadness that we announce the passing